**કેસ દાખલ થયા તારીખ: ૦૮–૦૫–૨૦૨૬**
**કેસ રજી. થયા તારીખ : ૦૮–૦૫–૨૦૨૬**
**કેસ ફૈંસલ થયા તારીખ : ૩૦–૦૬–૨૦૨૬**
**સમયગાળો : વર્ષ – માસ – દિવસ**
**૦૦ – ૦૧ – ૨૨**

**મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–વડીયા**

**ફોજદારી પરચુરણ અરજી નંબર:–૪૫/૨૦૨૬**
**આંક:–૧૮**

**અરજદાર:–** કંચનબેન હીતેશભાઈ જાસોલીયા,
તે ડો/ઓ. કંચનબેન ચિમનલાલ કથીરીયા
ઉ.વ.આ.– ૩૫, ધંધો– ઘરકામ, ધર્મે– હિન્દુ–પટેલ,
રહે. મોટી કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી,
હાલ. ૧૩, રામકૃપા સોસાઈટી, કેવલપાર્ક,
પુણા રોડ, સારોલી રોડ, પુણા ગામ, વરાછા, સુરત.

**વિરુઘ્ધ**

**સામાવાળા:–** જન્મ મરણ રજીસ્ટ્રાર શ્રી,
તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટી કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી.

**બાબત:– બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ– ૧૫ તથા રૂલ–૧૨ અન્વયે જન્મના પ્રમાણપત્રમાં પિતાનું નામ તથા અટકમાં સુધારો કરી આપવા અંગે અરજી.**

અરજદારપક્ષે વિ.વ.શ્રી પી.એચ.મકવાણા

**// ચુકાદો//**

(૧) અરજદારની અરજીની ટુંક હકીકત જોવામાં આવે તો, અમો અરજદારના પ્રથમ લગ્ન, ગત તા. ૨૩/૦૪/૨૦૧૫ ના રોજ પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી, રહે. દેવચડી, તા. ગોંડલ, જી. રાજકોટની સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધથી અને અમારી જ્ઞાતિના રીતરીવાજ મુજબ સગા સબંધી અને કુટુંબીજનોની હાજરીમાં થયેલા હતા. અને સદરહુ લગ્ન જીવનથી એક પુત્રી નામે માહીનો જન્મ મોટી કુંકાવાવ ગામે ગત તા. ૨૧/૧૧/૨૦૧૬ ના રોજ થયેલો છે. અરજદારની પુત્રી માહીના જન્મ થયા અંગેની નોંધણી સામાવાળા ગ્રામ પંચાયત કચેરી, મોટી કુંકાવાવ ખાતે જે તે સમયે કરાવેલી હતી.

(૨) અમો અરજદારના લગ્ન જીવન દરમ્યાન મનભેદ, મતભેદ થતા પક્ષકારો વચ્ચે ઘરમેળે લગ્ન વિચ્છેદ છુટાછેડા થઇ જતા દામ્પત્ય જીવનનો અંત આવેલ અને પુત્રી માહીનો કબ્જો અમો અરજદાર પાસે છે. જે અંગેનું ડાઇવોર્સ ગોંડલ નોટરી સાહેબ સમક્ષ ગત તા. ૧૪/૯/૨૦૧૮ ના રોજ રજી.નં. ૨ અનુક્રમ નં. ૧૫૩, પેઇઝ–૧૬ માં નોંધણી થયેલ છે.

આમ અમો અરજદારને પ્રથમ પતિથી લગ્ન જીવનમાં છુટાછેડા થઇ જતા પુત્રી માહીના ભવિષ્યનો વિચાર કરીને પુનઃ લગ્ન (બીજા લગ્ન) હિતેશભાઈ વિનોદભાઈ જાસોલીયા, રહે. સુરત ની સાથે કરેલ છે. જે લગ્ન બગસરા મુકામે શ્રી ગાયત્રી પરિવાર ટ્રસ્ટ બગસરા ખાતે થયેલા હતા. જે અંગેનું ગાયત્રી પરિવાર ટ્રસ્ટ બગસરા તરફથી ક્રમાંક–૧૭૦, તા. ૧૧/૦૬/૨૦૧૯ થી દાખલો આપેલ છે. હાલ હું મારા બીજા પતિ હિતેશભાઇ વિનોદભાઈ જાસોલીયા સાથે ખુશ રહીને દામ્પત્ય જીવન વિતાવું છું. બગસરા નગરપાલીકા કચેરીમાં લગ્ન નોંધણી તા.૧૫/૦૨/૨૦૨૧ થી કરાવેલ છે.

(૩) અમો અરજદારે સદરહુ લગ્ન બાદ મારી પુત્રી માહીના ભવિષ્યનો વિચાર કરીને અમો અરજદારે મારા બીજા પતિ હિતેશભાઇને દત્તક વિધાન દસ્તાવેજ કરી આપેલ છે. જે દત્તક વિધાન દસ્તાવેજ સબરજીસ્ટાર કચેરી વડિયા સમક્ષ સબ રજીસ્ટ્રાર રૂબરૂ તા. ૦૪/૦૧/૨૦૨૦ ના રોજ અનુક્રમ નં. ૨ થી નોંધણી કરાવેલ છે. અને ત્યારથી મારા પતિ હિતેશ વિનોદરાય જાસોલીયા જેઓ મારી પુત્રી માહીને સારી રીતે ઉછેર કરીને તમામ એક જવાબદાર પિતા તરીકે જવાબદારી નિભાવેલ છે.

(૪) હાલ મારી પુત્રી માહી જેની ઉંમર આશરે ૧૦–વર્ષની થયેલ છે. અને અભ્યાસ ચાલુ છે. મારી પુત્રી માહીના સરકારી ડોકયુમેન્ટસ જેવા કે, જાતિનો દાખલો, આવકનો દાખલો, પાનકાર્ડ, આધાર કાર્ડ વગેરે સરકારી યોજનાઓમાં સરકારી કામે પિતાનું નામ હોવું જરૂરી હોવાના કારણે હાલની આ અરજી આપ નામદાર અદાલત સમક્ષ હાલની અરજી લાવેલા છીએ. તેમજ ગુજરાત સરકારશ્રીના ગર્વમેન્ટ ગેઝેટની તા. ૧૫/૦૪/૨૦૨૧ ગુરૂવારની નકલમાં અનુક્રમ નંબર–૨૨૬, પેઇઝ–૨૬૧ માં પ્રસિધ્ધ કરાવેલ છે.

(૫) અરજદારની પુત્રી માહીના જન્મ પ્રમાણપત્ર નોંધણી ક્રમાંક નં. ૫૦૭, તા. ૨૪/૧૨/૨૦૧૯ માં નીચે મુજબ સુધારો કરવાનું થાય છે.

જુનુ નામ : માહી પ્રતિકભાઈ રૈયાણી ના બદલે

નવું નામ : માહી હિતેશભાઈ જાસોલીયા

જન્મના પ્રમાણપત્રમાં પિતાના નામ અટકમાં સુધારો કરી આપે તેવી અમારી માંગણી છે. જે અંગે અમો અરજદારે સામાવાળાની કચેરીમાં રજુઆત કરતા નામદાર કોર્ટના હુકમની માંગણી કરતા હાલની અરજી કરેલ છે. હાલની અરજી સિવાય અગાઉ આવા પ્રકારની અરજી કયારેય લાવેલા નથી કે કરેલ નથી.

(૬) સબબ, આ અરજી લાવી અરજદારે નીચે મુજબની દાદ માગેલ છે.

(૬.૧) અમો અરજદારની પુત્રી માહીના જન્મ પ્રમાણપત્રમાં પિતાનું નામ માહી પ્રતિકભાઈ રૈયાણીના બદલે સુધારીને પાલક પિતા તરીકે માહી હિતેશભાઈ જાસોલીયા પિતાના નામમાં તથા અટકમાં સુધારો કરી, સુધારેલુ જન્મનું પ્રમાણપત્ર સામાવાળા ગ્રામ પંચાયત કચેરી, કુંકાવાવના સંબધિત અધિકારી તૈયાર કરી આપે તેવો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૬.૨) અમો અરજદારના લાભમાં બીજી મળી શકતી આનુસાંગીક હર કોઇ દાદ અપાવવા અરજ છે.

(૭) અરજદારની હાલની અરજી દાખલ કરતા આ કામનાં સામાવાળાને નોટીસ કરતા સામાવાળા અત્રેની અદાલત સમક્ષ હાજર રહી આંક–૦૫ થી તેઓની અદાલત રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હું મોટી કુંકાવાવ ખાતે મંત્રી તરીકે દસ માસથી ફરજ બજાવુ છુ. મારી ફરજમાં આવકના દાખલા, જન્મ–મરણ, વસુલાત વિગેરે સરકારી વિવિધ યોજનાની કામગીરી આવે છે.

હાલના અરજદાર કંચનબેન ડો/ઓ ચીમનલાલ કથીરીયા વા/ઓ હિતેશભાઈ જાસોલીયા મારી પાસે એક માસ અગાઉ મારી પાસે આવેલ અને પોતાની પુત્રી નામે માહિ કે જેઓને અરજદારના પતિ હિતેશભાઈ વિનોદભાઈ જાસોલીયા નાઓએ દતક વિધાનથી દતક લીધેલ હોય અને માહિના જન્મની નોંધ અમોની કચેરીમાં થયેલ હોવાનું જણાવેલ અને દતક વિધાનના આધારે પાલક પિતા તરીકે હિતેશભાઈ વિનોદભાઈ જાસોલીયાનુ નામ દાખલ કરવા મૌખિક વિનંતી કરેલ. જેથી અમોએ તેને નામદાર અદાલતનો હુકમ લઈ આવવા જણાવેલ. જેથી અરજદારે આ અરજી દાખલ કરેલ છે.

સદર અરજીના કામે અમો સામાવાળાને નામ.કોર્ટ મારફત નોટીસ બજતા આજરોજ જન્મ નોં ધણી રજીસ્ટ્રર સાથે હાજર રહેલ છુ. આજરોજ અમો ગ્રામ પંચાયત કચેરી, મોટી કુંકાવાવના સને – ૨૦૧૬ ના જન્મ રજીસ્ટાર સાથે હાજર રહેલ છું. જેમાં ક્રમ નં. ૫૦૭, બાળકનું નામ :– માહિ, પિતાનું નામ:– પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી, માતાનું નામ:– કંચનબેન તેમજ તારીખ:– ૨૧/૧૧/૨૦૧૬ જેની નોંધણી તારીખ:– ૩૦/૧૧/૨૦૧૬ થી નોંધાયેલ છે. જે સને–૨૦૧૬ ના જન્મ રજીસ્ટ્રરના ઉતારાની અસલ ઉપર ખરી નકલ કરી રજુ કરૂ છું. જેને દા.રજુ આંક–૦૬ આપવામાં આવે છે. હાલના કામે અરજદારને નામ.કોર્ટ દ્રારા માંગણી મુજબનો હુકમ કરી આપવામાં આવે તો વાંધો કે તકરાર નથી.

(૮) અરજીના કામે અરજદારે આંક–૧૬ થી જાહેર પ્રસીધ્ધ કરવામાં આવેલ અખબાર રજુ થયેલ છે તેમજ પેપર પ્રસિધ્ધી પછી કોઈ ઈસમે અરજદારને દાદને ચેલેન્જ કરતી વાંધા અરજી રજુ કરેલ નથી કે કોઈ ઈસમ હાજર થયેલ નથી. ત્યારબાદ અરજદાર તર્ફે આંક–૧૭ થી કલોઝીંગ પુરશીષ રજુ રાખેલ છે.

(૯) વધુમા આ કામે અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં આંક–૦૯ થી અરજદાર કંચનબેનના આધારકાર્ડની ખરી નકલ તથા આંક–૧૦ થી અરજદારની પુત્રી માહિના આધારકાર્ડની ખરી નકલ રજુ થયેલ છે. જેમાં આધારકાર્ડમાં માહિ હિતેશભાઈ જાસોલીયા તરીકે અરજદારની પુત્રીનુ નામ નોંધાયેલ છે. જયારે આંક–૧૧ થી રજુ થયેલ માહિના જન્મપ્રમાણ પત્રમાં માહિના પિતાનું નામ પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી તરીકે નોંધાયેલ છે. તથા આંક–૧૩ થી દતક વિધાનની ખરી નકલ રજુ રાખેલ છે. જે જોતા આ કામના અરજદારે તેમની પુત્રી માહિને તેમના હાલના પતિ જાસોલીયા હિતેશ વિનોદરાયનાઓને દતક વિધાન લેખથી જે દતક વિધાન સબ રજીસ્ટર કચેરી વડીયામાં નોંધી દતક આપેલ છે.

(૧૦) ઉપરોકત હકીકતે અરજદાર તર્ફે રજુ થયેલ દસ્તાવેજી અને મૌખીક પુરાવાઓ વંચાણે લેતા બાળકના પિતા તરીકે જન્મ પ્રમાણપત્રમાં માહિના પિતા તરીકે પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી નામ નોંધાયેલ છે. હિતેષભાઈ જાસોલીયાનાઓનુ નામ નોંધાયેલ છે. તેમજ કુંકાવાવ ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરમાં નોંધ નંબર–૫૦૭ માં પિતા તરીકે પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી અને માતા તરીકે કંચનબેન નોંધાયેલ છે. પરંતુ હાલના અરજદારે તેમના પ્રથમ પતિ પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી સાથે છુટાછેડાનો દસ્તાવેજ વડીયા સબ રજીસ્ટાર કચેરી ખાતે નોંધાવી છુટાછેડા લીધેલ છે. જે દસ્તાવેજ રેકર્ડ સાથે અરજદાર તરફે રજુ કરેલ છે. તેમજ આંક–૧૪ થી ગુજરાત સરકારમાં નામ સુધારાને ગેઝેટ યાદી તારીખ–૧૫/૦૪/૨૦૨૧ ની રજુ કરેલ છે. જેમાં અનુક્રમ નંબર– ૨૨૬ માં અરજદારની દીકરી જુનું નામ તરીકે રૈયાણી માહિ પ્રતિકભાઈ તરીકે નોંધાયેલ છે અને નવુ નામ જાસોલીયા માહિ હિતેશભાઈ તરીકે નોંધાયેલ છે. આ કામે દતક વિધાન રજુ થયેલ છે જે સબ રજીસ્ટ્રાર કચેરી,વડિયા મુકામે રજીસ્ટ્રર થયેલ છે. જેથી એ હકીકત સાબિત થાય છે કે આ કામના અરજદાર તથા તેમના પતિ જાસોલીયા હિતેશભાઈ વિનોદરાયનાઓએ અરજદારની દીકરી માહિને દતક લીધેલ છે જેના આધારે તેઓ બાળક માહિના જન્મ પ્રમાણપત્રમાં તે બાબતે સુધારો કરવા માંગે છે અને આ બાબતે જન્મ નોંધણી અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ નામમાં સુધારો કરવા માંગતા હોય તો આ સુધારો કરી શકાય છે.

આ બાબતને સમર્થન આપવા માટે ના.ગુજરાત હાઈકોર્ટના "**મનોજ ઓમપ્રકાશ ગોયલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અનોધર**"નો ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો હાલની અરજી મુજબ જન્મ પ્રમાણપત્રમાં દતકવિધાનની અસર આપી શકાય છે અને જન્મના દાખલામાં તે બાબતે સુધારો કરી શકવાની હકીકતને સમર્થન કરે છે.વધુમાં અરજદાર તરફે રજુ થયેલા દસ્તાવેજોથી સમર્થન મળે છે. તેથી રજુ થયેલ તમામ પુરાવાઓને ઘ્યાને લેતા અરજદારની અરજીની હકિકતને નહિ માનવાને કોઈ કારણ જણાતુ નથી.

(૧૧) આમ ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા અરજદારની અરજી ન્યાયના હિતમાં મંજુર કરવી યોગ્ય જણાતા નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામનાં સામાવાળા જન્મ–મરણ રજીસ્ટ્રાર શ્રી, તલાટી કમ મંત્રી શ્રી–મોટી કુંકાવાવ, ગ્રામ પંચાયત કચેરી, તા.વડીયા, જી.અમરેલીનાઓએ જન્મ નોંધણી રજીસ્ટ્રરના અનુક્રમ નં. ૫૦૭ પર નોધાયેલ બાળકનું નામ–માહિ, પિતાનુ નામ– પ્રતિકભાઈ ચંદુભાઈ રૈયાણી નોંધાયેલ છે. જયાં પિતાના નામની કોલમમાં હિતેશભાઈ વિનોદરાય જાસોલીયાની પાલક પિતા તરીકે નોંધ કરી જન્મના રજીસ્ટ્રરમાં સુધારો કરી તે મતલબનું અરજદારના પુત્રીનું નવું જન્મનું પ્રમાણ –પત્ર ઈસ્યુ કરવું.

૩. ઉપરોકત હુકમની સામાવાળાને જાણ કરતી જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૩૦ મી માંહે : જુન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૩૦/૦૬/૨૦૨૬
સ્થળ :– વડીયા.

(ઓ.બી.ગોહિલ)
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,વડીયા
(જજ કોડ–જીજે ૦૧૭૧૭)